અપીલ અરજી નં.૨૬૯ તા .૧૪–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રોશનલાલ શીવલાલ શાહ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રોશનલાલ શીવલાલ શાહની તા. ૧૪–૭–૧૧ની અરજીથી સહારા દરવાજા બહાર સ્મીમેર હોસ્પીટલની સામે આવેલ તીરૂપતિ પ્લાઝા કોમ્પલેક્ષના પાર્કિંગમાં મુકાયેલ ગેરકાયદેસર હોર્ડિંગ બોર્ડની પરમીટ બાબતે (૧)તા. ૪–૮–૦૭ના રોજ હોર્ડિંગ બોર્ડની પરમીટ રીન્યુ નહીં કરવા તથા ગેરકાયદેસર હોર્ડિંગ બોર્ડ દુર કરવા ફરીયાદ કરેલ પરંતુ આજદિન સુધી હોર્ડિંગ બોર્ડ દુર કરવામાં આવેલ નથી કારણ જણાવશો વિ.મુદ્દા નં. (૧) થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૪–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૬૯/૨૦૧૧–૧૨

શ્રી રોશનલાલ શીવલાલ શાહની તા. ૧૪–૭–૧૧ની અરજીથી સહારા દરવાજા બહાર સ્મીમેર હોસ્પીટલની સામે આવેલ તીરૂપતિ પ્લાઝા કોમ્પલેક્ષના પાર્કિંગમાં મુકાયેલ ગેરકાયદેસર હોર્ડિંગ બોર્ડની પરમીટ બાબતે મુદ્દા નં. (૧) તા. ૪–૮–૦૭ના રોજ હોર્ડિંગ બોર્ડની પરમીટ રીન્યુ નહીં કરવા તથા ગેરકાયદેસર હોર્ડિંગ બોર્ડ દુર કરવા ફરીયાદ કરેલ પરંતુ આજદિન સુધી હોર્ડિંગ બોર્ડ દુર કરવામાં આવેલ નથી કારણ જણાવશો વિ.મુદ્દા નં. (૧) થી (૬) ની માહિતી આપવા બાબતે તબદીલીના પત્રો સિવાય માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૪– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા **તથા અરજદારની તા. ૪–૮–૦૭ની અરજી તેમજ મુદ્દા નં. ૨ થી ૪ની સુચનાઓ અંગે થયેલ– ન થયેલ કાર્યવાહીની દફતરી વિગતો જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/ ૮૨૮ તા.૨૬–૯–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)તથા અરજદારને તા. ૧૪–૭–૧૧ ની અરજીના મુદ્દા અંગે તા. ૪–૮–૦૭ની અરજીની નકલ તથા મુદ્દા નં. ૨ થી ૪ અંગે કોઈ આધાર હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૪–૭–૧૧ ની અરજીથી સહારા દરવાજા બહાર સ્મીમેર હોસ્પીટલની સામે આવેલ તીરૂપતિ પ્લાઝા કોમ્પલેક્ષના પાર્કિંગમાં મુકાયેલ ગેરકાયદેસર હોર્ડિંગ બોર્ડની પરમીટ બાબતેની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતીઅધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાંઆવેલ.લીંબાયતઝોન તરફથી સા.ઈ.ઝોન/ લીંબાયત/ આ.નં. ૧૩૬૨ તા.૧–૮–૧૧ થી સમય અવધિ બાદ શહેર વિકાસ અધિકારી ( મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ) ને તબદીલ કરવામાં આવેલ. જે મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૮૪ તા.૫–૮–૧૧ થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જેમાં અરજીના મુદ્દા નં. (૧) તા. ૪–૮–૦૭ના રોજ હોર્ડિંગ બોર્ડની પરમીટ રીન્યુ નહીં કરવા તથા ગેરકાયદેસર હોર્ડિંગ બોર્ડ દુર કરવા ફરીયાદ કરેલ પરંતુ આજદિન સુધી હોર્ડિંગ બોર્ડ દુર કરવામાં આવેલ નથી કારણ જણાવશો. મુદ્દા નં.(૨) ફરીયાદ કરેલ સમય દરમ્યાન મહેરબાન સુરત મહાનગપાલિકાના કમિશ્નર સાહેબશ્રી સાઈટ વીઝીટ કરી હોર્ડિંગ બોર્ડ તાત્કાલીક દુર કરવા જણાવેલ પરંતુ આજ દિન સુધી હોર્ડિંગ દુર કરવામાં આવેલ નથી. કારણ જણાવશો. મુદ્દા નં.(૩) આપના ઝોનના ધ્વારે કાર્યક્રમમાં પણ હોર્ડિંગ બોર્ડ તત્કાલ દુર કરવા જણાવેલ પરંતુ આજ દિન સુધી કોઈ પણ જાતની કાર્યવાહી કરવામાં આવેલ નથી કારણ જણાવશો. મુદ્દા નં.(૪) સુરત મહાનગપાલિકાના શહેર વિકાસ વિભાગ ધ્વારા પણ હોર્ડિંગ બોર્ડની પરમીટ રદ કરી તાત્કાલીક દુર કરવા અભિપ્રાય આપેલ છે છતાં પણ કોઈ પણ જાતની કાર્યવાહી કરવામાં આવેલ નથી કારણ જણાવશો. મુદ્દા નં.(૫) હાલમાં હોર્ડીંગ બોર્ડની પરમીટ રીન્યુ કરવામાં આવેલ છે કે કેમ તે બાબતની સંપૂર્ણ માહિતી જણાવશો. આજ પછી આપશ્રી તરફ હોર્ડિંગ બોર્ડ બાબતે શું પગલા લેવામાં આવશે તે સવિસ્તાર માહિતી આપશોજી. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં તબદીલ પત્ર સિવાય કોઈ માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૧૪–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેથી બંને પક્ષકારોને પત્ર નં.આરટીઆઈ સેલ/ ૮૨૮ તા.૨૬–૯–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ તેઓ તરફથી કોઈ પૂરક વિગતો અપીલ તબકકે અત્રે રજૂ કરેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આટીઆઈ

એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી. વધુમાં લીંબાયતઝોન તરફથી મધ્યસ્થ શહેર વિકાસમાં અને છેલ્લે મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પુનઃ લીંબાયતઝોનને અરજદારની અરજી તબદીલ કરવામાં આવેલ છે આથી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી અપીલ અરજીની તબદીલી અંગે પણ કાળજી લેવાયેલ હોય તેવું જણાતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૭–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ ન હોય આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ બાબત હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને દિન–૭ માં પૂરી પાડવા તથા અરજી તબદીલી અંગે કાળજી લેવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રોશનલાલ શીવલાલ શાહ,